જિંદગીથી કંટાળી ગયા છો? તો પછી ખુદને કોઈ એવા કામમાં પરોવી દો, જેના પર સંપૂર્ણ વિશ્વાસ હોય અને પછી તમે એવી ખુશી મેળવશો જે તમે એવું માનતા હતા કે તમને ક્યારેય નહીં મળે.

-ડેલ કાર્નેગી



| શુભ વિચાર
ડૉ. શ્રીલેખા હાડા,
હોમિયોપેથ, મુંબઈ

# આપણે કોઈના શબ્દોથી દુ:ખી કેમ થઈએ છીએ?

આપણે પોતાની જાતને કેન્દ્રમાં રાખીને દુનિયાની ઘટનાઓ અને તેના પર લોકોની પ્રતિક્રિયાને મૂલવીએ છીએ. તેના કારણે આપણે બીજાની સાથે બાખડી પડીએ છીએ. અર્જુન પણ ત્યાં સુધી દુ:ખી હતો, જ્યાં સુધી તેણે ખુદને શ્રીકૃષ્ણને અર્પણ નહોતો કરી દીધો. ત્યારે તે કેન્દ્રમાં માત્ર કૃષ્ણ રહ્યા અને તેનું બધું દુ:ખ દૂર થઈ ગયું. આપણે આપણી જાતને દરેક વાતના કેન્દ્રમાં માનવા લાગીએ છીએ અને મૂંઝવણમાં મૂકાઈ જઈએ છીએ. ખુદને કોઈ ઘટનાના કેન્દ્રમાં જોઈએ એ સ્વાભાવિક છે, પરંતુ દુનિયાભરની આંખો તમને જ જોઈ રહી છે, આવા વિચારને માથાનો દુખાવો બનાવી લેતા હોઈએ છીએ. કોઈની પાસે એટલો સમય નથી કે તમને જુએ. તમારે જ તમારી જાતને જોવાની છે કે તમે કઈ તરફ જઈ રહ્યા છો.

મહાભારતના અંતમાં પાંડવ કર્ણના અંત્યેષ્ટિમાં ગયા. ત્યારે ખબર પડી કે કર્ણ તેમનો સૌથી મોટો ભાઈ હતો. કુંતીએ યુધિષ્ઠિરને કર્ણને નદીમાં વહાવી દેવાની વાત કહી સંભળાવી. આ જાણ્યા પછી યુધિષ્ઠિર માને માફ ન કરી શક્યો. તેણે તમામ સ્ત્રીઓને ભાંડવાનું શરૂ કરી દીધું. ખરેખર તો એ પોતાને કુંતી કરતાં શ્રેષ્ઠ સાબિત કરવા મથતો હતો. જ્યારે આપણે ખુદને કેન્દ્રમાં રાખીને લોકોની સાથે બનેલી ઘટનાઓ અને તેની પ્રતિક્રિયા જોઈએ છે, તો આપણે તેને અયોગ્ય માનવા લાગીએ છીએ. આપણી શ્રેષ્ઠતાના દંભમાં આપણે એ પણ નથી વિચારતા કે કયા સંજોગોમાં એ વ્યક્તિ એવા સંજોગોમાં ફસાઈ હશે, પરંતુ જ્યારે આપણી જાતને તેમાંથી અલગ કરીને જોઈએ, તો આપણને વાસ્તવિકતા તરત દેખાઈ આવશે.

રામાયણમાં સીતાએ જ્યારે રામનો લક્ષ્મણ...લક્ષ્મણ...નો અવાજ સાંભળ્યો, ત્યારે તે ડરી ગઈ. રામ સુવર્ણ મૃગનો શિકાર કરવા ગયા હતા અને લક્ષ્મણને સીતાની રક્ષા માટે રાખ્યો હતો. જ્યારે સીતાએ લક્ષ્મણને તેને બચાવવા જવાનું કહ્યું, તો લક્ષ્મણે કહ્યું કે રામ કોઈ મુશ્કેલીમાં નથી. સીતા પોતાનો કાબૂ ગુમાવી ચૂકી. તેણે લક્ષ્મણને ભાંડ્યો. ત્યાં સુધી કહ્યું કે તે રામને બચાવવા નથી માગતો. સીતાની આવી વર્તણૂકથી દુ:ખી લક્ષ્મણ રામની શોધમાં નીકળી પડ્યો. આવું એટલા માટે થયું કે, તેણે સમગ્ર ઘટના ખુદને કેન્દ્રમાં રાખીને ન જોઈ. તેણે એ સમજવાનો પ્રયત્ન ન કર્યો કે સીતાની મન:સ્થિતિ શું છે? જો આપણે કોઈ પણ વાત અંગે વિચારીએ કે એ વ્યક્તિએ કેવા સંજોગોમાં એ વાત કહી છે, તો આપણે એ ઘટનાના કેન્દ્રમાં નથી રહેતા. જ્યારે કુંતીએ યુધિષ્ઠિરને દુર્યોધનની પહેલાં જન્મ આપ્યો, તો ક્રોધ અને ઈર્ષાથી પ્રેરાઈને ગાંધારીએ પોતાની જ કૂખને ભાંડવાનું શરૂ કરી દીધું.

આપણી સાથે અવારનવાર એવું બનતું હોય છે. ખરાબ વાતાવરણથી માંડીને ઈન્ટરનેટ અથવા શૅરબજારની કૉમેન્ટ્સ પણ આપણને પરેશાન કરી મૂકે છે. આપણી આસપાસની દુનિયામાં બનાવો આપણને કેન્દ્રમાં રાખીને નથી બનતા. જો આપણે તેમાંથી આપણી જાતને દૂર કરી દઈએ, તો ખ્યાલ આવશે કે સામાન્ય ઘટનાઓ જ બની રહી છે, આપણે તેની સાથે શું લેવા-દેવા? આવામાં શું કરી શકાય? જો તમને કોઈ વાતનું દુ:ખ થતું હોય, તો તેનો અર્થ એવો કે તમે તમારી જાતને એ સ્થિતિમાં ફસાવી રાખી છે અને તેમાં બહાર નથી નીકળી શકતા. કોઈ શબ્દ અથવા વાક્ય તમને દુભવી રહ્યો છે, અહીંથી દુ:ખની શરૂઆત થાય છે અને ગીતા દુ:ખ દૂર કરવાની ઔષધિ છે. અર્જુને જ્યારે પોતાને કૃષ્ણને સમર્પિત કરી દીધો, ત્યારે તે કેન્દ્રમાં ન રહ્યો. માત્ર કૃષ્ણ જ કૃષ્ણ રહ્યા. આ જ રીતે કેન્દ્રમાં તમે પણ નથી. પરિસ્થિતિઓ માત્ર તમારા માટે તો નથી જ હોતી...

# સપનાં જોતાં શીખવનારા ફાધર ગિલ્સન

## તાલીમ | ભણાવવાના હુનર અને વિશેષ સારસંભાળ દ્વારા નિષ્ફળ બાળકોને પણ ટોપર બનાવી શકાય



જાવ્હાર સરકાર
પ્રસાર ભારતીના સીઈઓ
facebook.com/sircar.j.
sircar.j@gmail.com

મને આજે પણ યાદ છે કે જ્યારે દસમા ધોરણના 'હ્યુમેનિટીઝ' સેક્શનના નવા ક્લાસમાં જોડાયો, તો કેટલો ગભરાયેલો હતો. નવમું ધોરણ પાસ કર્યા પછી મને 'સાયન્સ' માટે અયોગ્ય જાહેર કરી દેવાયો હતો. આ પહેલાં આઠમા ધોરણમાં નાપાસ થયો હતો અને એ દિવસોમાં બધા મને સ્કૂલના 'ખરાબ છોકરાઓ'માં ગણતા હતા. એવો છોકરો જે હંમેશાં કોઈ ને કોઈની સાથે ઝઘડતો રહેતો અને અભ્યાસમાં જેને બિલકુલ રસ નહોતો. તેવામાં નવા વિષય સાથે નવું ધોરણ!

મારા આ નવા ક્લાસમાં બધું ભારે વિચિત્ર હતું : વર્ગખંડ, ત્યાંનાં બાળકો અને ત્યાં સુધી કે ભણાવવામાં આવતા વિષયો પણ મારા માટે તો અજાણ્યા જ હતા. ત્યાં ફિઝિક્સ, કેમિસ્ટ્રી અથવા મેથ્સનો અભ્યાસ નહોતો કરાવવામાં આવતો. માત્ર હિસ્ટ્રી, જિઓગ્રાફી અને લિટરેચર જેવા મૂર્ખતાભર્યા વિષય (ત્યારે મને એવું જ લાગતું હતું) ભણાવવામાં આવતા હતા. જોકે, આ બધાથી વિચિત્ર તો અમારા શિક્ષક હતા, ફાધર પી.વાય. ગિલ્સન. ત્યાં સુધી તેમને મેં માત્ર શેરીઓમાંથી પસાર થતા જ જોયા હતા. હું જ્યારે પણ તેમને જોતો, ત્યારે એવું વિચારીને આશ્ચર્યમાં પડી જતો કે આટલો શાંત, સૌમ્ય બેલ્જિયન મિશનરી, જેમનો ચોક્કસ પ્રકારનો ફ્રાન્સિસી લહેકો છે, પાદરીઓના લાંબા સફેદ ગાઉનમાં ભારતની ભીષણ ગરમીમાં બચી કેવી રીતે શક્યો! પહેલા જ દિવસે ફાધર ગિલ્સને મને આગળ આવીને પહેલી બેન્ચ પર બેસવા કહ્યું. હવે તો હદ જ થઈ ગઈ, કારણ કે સૌથી આગળની પાટલી તો 'સારાં બાળકો' માટે જ હોતી. મને એવા પ્રકારનો વિદ્યાર્થી તો કોઈ કાળે માનવામાં જ નહોતો આવતો. મને આગળ બોલાવીને તેમણે સીધું પોતાની વિશિષ્ટ શૈલીમાં ભણાવવાનું શરૂ કરી દીધું. તેમને જરા પણ ખ્યાલ નહોતો કે મને તેમાંથી કદાચ જ કંઈ સમજાતું હોય. મેં હ્યુમેનિટીઝના આ વિષયોના બેઝિક્સનો નવમા ધોરણમાં અભ્યાસ નહોતો કર્યો. મને તો ઈતિહાસ પણ પસંદ નહોતો. મારા મતે તો એ કંટાળાજનક વિષય હતો. પણ, અજીબ વાત એ હતી કે ફાધર ગિલ્સન એ વિષયને એવી રીતે નહોતા ભણાવતા. જાણે કોઈ રાજાઓના કામકાજ અને યુદ્ધોની તારીખોની લાંબી, નિરસ અને શુષ્ક યાદી હોય. હું અનિચ્છાએ પણ, એ જે ભણાવતા હતા, તેના પ્રત્યે આકર્ષાયો, કારણ કે તેઓ એટલી રોમાંચક વાર્તાઓનું વર્ણન કહેતા ચિત્રણ જ કરી રહ્યા હતા.

એમનું વર્ણન જ એટલું જીવંત રહેતું કે હું તો મંત્રમુગ્ધ બનીને તેમને સાંભળવા લાગ્યો અને ખબર નહીં ક્યારે હળવેકથી કોઈ જાદુઈ ચાદર પર બેસીને કલ્પનાવિશ્વમાં પહોંચી ગયો. જ્યારે ક્લાસ પૂરો થયો, ત્યારે મને મારી જાત પર જ વિશ્વાસ નહોતો બેસતો કે મને ખરેખર ઈતિહાસ ભણવામાં મજા આવી. પછી મેં જોયું કે ફાધર જ્યારે ઈંગ્લિશ લિટરેચર ભણાવતા, તો મને એમાં પણ ખૂબ મજા આવતી. એ લિટરેચરથી તો મને પહેલાં ખૂબ નફરત હતી. હવે તો આશ્ચર્યલોકના વધારે દરવાજા ખૂલવા લાગ્યા. એ જાદુગરની ટોપીમાંથી અનેક વાર્તાઓ બહાર આવી અને સ્થિતિ એવી ઊભી થઈ કે હું તેમના આવવાની આતુરતાપૂર્વક રાહ જોવા લાગ્યો. ફાધર ગિલ્સને મારું સૌથી મોટું રૂપાંતરણ જ એ કર્યું કે તેમણે માત્ર એ વિષયો પ્રત્યે મારા મનમાં ઉત્સુકતા, રસ જન્માવી દીધો, ઉપરાંત અભ્યાસ પ્રત્યે પણ મને જિજ્ઞાસુ બનાવી દીધો. વર્ગશિક્ષક તરીકે તેઓ અભ્યાસ અંગેની મારી તમામ બાબતોના નિરીક્ષક હતા. ક્લાસ દરમિયાન અને ત્યાર પછી પણ તેઓ સામાન્ય રીતે મને વધારાનું લેશન આપવા માટે તેમને મળવા માટે બોલાવતા જેથી વર્ષ દરમિયાન જે રહી ગયું હોય, તેનો અભ્યાસ કરી શકું. તેઓ જે મારું વિશેષ ધ્યાન રાખતા હતા, તેનાથી લોકોની નજરમાં મારા પ્રત્યે સારી અસર ઊભી થઈ.

પણ, મારાં સપનાંની આ દુનિયા પહેલી જ ક્લાસ ટેસ્ટમાં વિખેરાઈ ગઈ, કારણ કે મને પાક્કી ખાતરી હતી કે હું તો ક્લાસમાં છેલ્લી પાટલીએ ઊભો રહેવા માટે જ શાપિત છું. પહેલી જ ટેસ્ટ 'ઈંગ્લિશ એસે'ની હતી અને મને તો હંમેશાં જ શબ્દોનો દુષ્કાળ સતાવતો હતો, પણ જ્યારે ટેસ્ટનું પરિણામ જાહેર થયું, તો હું સ્તબ્ધ રહી ગયો. કોઈ હળવો ધક્કો મારતું, ત્યાં તો હું નીચે પડી જાઉં એવી દશા હતી. હું ક્લાસમાં ચોથા ક્રમે આવ્યો હતો! મારાં પેરેન્ટ્સના આનંદનો તો પાર જ ન રહ્યો. મારા મિત્રોએ મને ચૂંટી ખણી, પણ કોઈને એ વાતનો ખ્યાલ નહોતો કે આ સફળતાથી મારો આત્મવિશ્વાસ કેટલો વધી ગયો હતો. બીજું 'આશ્ચર્ય' ત્યારે થયું, જ્યારે હું એરિથમેટિક્સમાં પ્રથમ આવ્યો, જે એટલું અઘરું નહોતું, કારણ કે હું વિજ્ઞાનનો અભ્યાસ કરીને આવ્યો હતો. મેં સપનાં જોવાનું શીખી લીધું હતું. પછી ઈતિહાસ, ભૂગોળ અને અન્ય વિષયોનાં પરિણામ આવ્યાં, પણ હવે પ્રથમ આવવાના આ નવા રોમાંચને હું રોકી નહોતો શકતો. એક નાની સફળતા પછી બીજી સફળતા. નિ:શંક તેની પાછળ કઠોર પરિશ્રમ અને સંતો જેવા શિક્ષકોનું સતત માર્ગદર્શન રહેતું. થોડા મહિના પછી અમને ખ્યાલ આવ્યો કે ફાધર ગિલ્સન હવે બીજી કોઈ સ્કૂલમાં ભણાવવા જવાના છે અને એક-બે દિવસ પછી તે કંઈ બોલ્યા વિના ચાલ્યા પણ ગયા. હું ખૂબ રોયો, કારણ કે બીજું કોઈ મને આ રીતે ન બદલી શક્યું હોત. હું આજે જે કંઈ પણ છું, જ્યાં પણ છું, આ તેમનો જ ચમત્કાર છે. તેમનો આભાર કયા શબ્દોમાં વ્યક્ત કરી શકાય, એ મને નથી ખબર.

એક દસકા પછી હું પશ્ચિમ બંગાળના બર્દવાન જિલ્લાના આસનસોલ અને દુર્ગાપુરનો અધિક જિલ્લા કલેક્ટર મુકાયો હતો. ત્યાં મને એક મિત્ર પાસેથી એ સાંભળીને ખૂબ આનંદ થયો કે ફાધર ગિલ્સન દુર્ગાપુરમાં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના આચાર્ય છે. હું સીધો તેમને મળવા ગયો. મેં જેવો તેમના રૂમમાં પ્રવેશ કર્યો કે તરત એક જાણીતી ખુશબોએ મારું સ્વાગત કર્યું. તેમણે ખૂબ ઉમળકાભેર મારી સાથે હાથ મિલાવ્યો. તેમણે મને કહ્યું કે 'મને તારા પર ગર્વ છે.' તેઓ તદ્દન એવા જ હતા. હા, થોડા વૃદ્ધ જરૂર લાગતા હતા. હું હવે મેજિસ્ટ્રેટ હતો, જે પૂરી દૃઢતાથી ટોળાની સામે ઊભો રહી શકતો હતો, પણ એમની સામે હું સદંતર બદલાઈ ગયો. આત્મવિશ્વાસની મૂર્તિમાંથી હવે હું થથરતો, ગભરાયેલો વિદ્યાર્થી બની ગયો. જેની પાસે બોલવા માટે શબ્દ નહોતા.

હું મારી કૃતજ્ઞતા વ્યકત કરું એ પહેલાં ઘંટ વાગ્યો અને તેઓ કૂદીને પોતાની ખુરશીમાંથી ઊભા થયા અને બોલ્યા, 'ઓહ માય ગોડ, હજી તો એક ક્લાસમાં જવાનું છે. ત્યાં નાનાં બાળકો મારી રાહ જોતાં હશે. તારા જેવાં જ નટખટ. મારે જવું જોઈએ. ગોડ બ્લેસ યૂ. હજી પ્રગતિ કર, પણ હવે હું જઈશ.' એમની પાસે એ આભારના શબ્દો સાંભળવાનો સમય નહોતો. એ મારી એમની સાથેની છેલ્લી મુલાકાત હતી.

# આતંક સામેની લડાઈમાં શાંતિ ઈચ્છતા લોકોને નુકસાન ન થાય

અંડર -30

કરન્ટ અફેર્સ વિશે 30થી ઓછી વયના યુવાઓનો અભિપ્રાય



અભિષેક રખેજા, 20
એડનબરો યુનિવર્સિટી
facebook.com/AbiRakheja

સંયુક્ત રાષ્ટ્રસંઘની બેઠક ચાલી રહી છે અને આશા છે કે ભારત-પાક તેને મહત્ત્વ આપશે. નવાજ શરીફે કહ્યું છે કે, 'પાકિસ્તાન વાતચીત દ્વારા શાંતિ ઈચ્છે છે.' પરંતુ વાતચીતનો મુદ્દો ખાસ્સા સમયથી પાછળ ધકેલાઈ ગયો છે. રાજદ્વારી વાતારવણ અત્યંત ગરમ બની ગયું છે. બુરહાન વાણીનું મોત, કાશ્મીરમાં ઉપદ્રવ, સશસ્ત્ર દળોની વળતી કાર્યવાહી, મોદીનો બલૂચિસ્તાનો માસ્ટર સ્ટ્રોક - આ બધું એક્શનથી ભરપૂર છે.

એક ભારતીય હોવાના નાતે હું અનુભવું છું કે ભારત કદાચ ઉનાળા સુધી સ્થિતિને જાળવી શક્યું હોત. લશ્કરે જાણતાં-અજાણતાં અનેક બાળકોને દૃષ્ટિહીન બનાવી નાખ્યા. સગીરોની સામે પણ હિંસા આચરવામાં આવી. કદાચ બીજી કોઈ રીતે આનો ઉપાય શોધી શકાયો હોત, પરંતુ મારો આક્રોશ ત્યારે ચરમસીમા પર હતો, જ્યારે આ જ ભારતીય લશ્કરના મથક પર હુમલો થયો. અહેવાલો અનુસાર આ હુમલામાં પાકિસ્તાનનો હાથ હતો. મારું માનવું છે કે આવા સમયે રાજદ્વારી ચર્ચાઓને બાજુએ મૂકી દેવાની જરૂર છે. પાકિસ્તાનો આતંકવાદને પ્રોત્સાહન આપવાનો અને મદદ કરીને અમેરિકાની પાછળ છુપાઈ જવાનો લાંબો ઈતિહાસ રહ્યો છે. નાટો પર હસ્તાક્ષર કરનારા આ દેશનો આંતરરાષ્ટ્રીયસ્તરે બહિષ્કાર કરવામાં આવી રહ્યો છે, કારણ કે અમેરિકન કૉંગ્રેસે તેને આતંકવાદી રાષ્ટ્ર જાહેર કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

આપણી સરકારનો સંઘર્ષ પાક સરકારની સામે હોઈ શકે છે, નહીં કે ત્યાંના નાગરિકોની સામે. પાકિસ્તાની જનતા પણ આપણી જેમ જ શાંતિ ઈચ્છે છે. યુકેમાં રહીને હું અનેક પાકિસ્તાની પરિવારોની સાથે સંપર્કમાં આવ્યો, જેઓ મારી સાથે પરિવારના એક સભ્યની જેમ જ વર્તે છે. આપણે પણ એ યાદ રાખવું જોઈએ કે આપણો સંઘર્ષ આતંકની સામે છે, આતંકવાદીઓની સામે છે. તેના કારણે એવા એક પણ પાકિસ્તાની નાગરિકને નુકસાન ન પહોંચાડે, જે પોતાના માટે પોતાના પરિવાર માટે શાંતિ ઈચ્છતો હોય.

પૉઝી-ટૂન



પરદે કે પીછે

# સરહદોને સળગતી રાખવી એ નેતાઓનું કામ છે



જયપ્રકાશ ચોક્સે
jpchoukse@dbcorp.in

બર્નાડ શોએ પોતાના નાટક 'આર્મ્સ ઍન્ડ ધ મેન'માં સૈનિક નાયકનું પાત્ર રચ્યું છે, જે યુદ્ધના સૈનિકોના પોતાના બચાવને કાર્યકલાપ માત્ર માને છે. યોદ્ધા હોવું એ પણ જીવનનિર્વાહના સાધન સમાન જ છે, જે વેતનના બદલામાં કરવામાં આવતું કામ છે. સરહદો પર આક્રમક સ્થિતિ વખતે જાગરૂકતા કેળવવાની હોય છે. દરેક સરકારના બજેટનો મોટો ભાગ સૈન્ય પર ખર્ચ કરવામાં આવે છે. સિયાચીન જેવા દુર્ગમ વિસ્તારમાં એક ઈંડું પહોંચાડવાની કિંમત 16 રૂપિયા થાય છે. સરહદોને સળગતી રાખવી નેતાઓનું કામ છે, કારણ કે તે પોતાના વોટ બૅન્કના મીથને મજબૂત કરવા માગે છે. દરેક યુદ્ધ પછી મોંઘવારી અડધી રાત્રે દરવાજે ટકોરા પાડે છે. યુદ્ધમાં ચલાવાયેલી દરેક ગોળીની કિંમત પ્રજા ચૂકવે છે. યુદ્ધના ખર્ચા માટે લોકોનું પેટ ખાલી રાખવું પડે છે. વિનાશનો ખર્ચ વિકાસના બજેટ ગળી જાય છે. લોટની કિંમતે દારૂગોળો ખરીદવામાં આવે છે. નિદા ફાજલીએ લખ્યું છે કે, 'માચિસ હૈ પહરેદાર તમામ બારુદખાનો પર.'

બીજા વિશ્વયુદ્ધ પર રશિયા, અમેરિકા અને ઈંગ્લેન્ડમાં એટલી ફિલ્મો બનાવવામાં આવી છે કે, પાંચ વર્ષ ચાલેલા યુદ્ધનો દરરોજનો રિપોર્ટ મળી શકે છે. આ યુદ્ધમાં બ્રિટનનું દિમાગ અને અમેરિકાના પૈસા લાગેલા હતા, પરંતુ સૌથી વધારે રશિયન લોકો માર્યા ગયા હતા. એટલા માટે રશિયન ફિલ્મોમાં માનવીય નબળાઈઓ અને કરુણા અત્યંત પ્રભાવક રીતે ઊભરી છે. 'બૅલેડ ઑફ અ સોલ્જર' અને 'ક્રેન્સ આર ફ્લાઈંગ' યુદ્ધ આધારિત મહાનત્તમ ફિલ્મો માનવામાં આવે છે. સરહદ પર અસાધારણ વીરતા દાખવનાર સૈનિકને પુરસ્કાર રૂપે ગોલ્ડ મેડલ મળે છે પરંતુ તે તેના બદલામાં એક સપ્તાહની રજા માગે છે. તેના સાથીઓ તેને રસ્તામાં આવનારા પોતાના પરિવારને પત્રો પહોંચાડવાનું કામ સોંપે છે. આ સમય દરમિયાન સૈનિક જુએ છે કે, જેટલું નુકસાન તેમણે દુશ્મનોનું કર્યું છે, તેટલી જ તબાહી તેમના વિસ્તારોમાં પણ થઈ છે. તે પોતાના મિત્રની પત્નીને પત્ર આપવા જાય છે, તો જુએ છે કે તે દેહ વેચીને પોતાનો જીવનનિર્વાહ ચલાવે છે. તે બેવફા નથી, પણ મજબૂર છે. આ સૈનિક જ્યારે રજાના સાતમા દિવસે પોતાના ઘરની નજીક પહોંચે છે, ત્યારે સૈન્યની ટ્રક તેને સરહદ પર પાછો લઈ જવા માટે ઊભી છે. તે પોતાના ઘર અને પરિવારને માત્ર દૂરથી જોઈ શકે છે, યુદ્ધ સમયે મળેલી રજાઓ રજા નથી રહેતી. તે યુદ્ધથી ફેલાયેલા વિનાશનો નજારો જુએ છે.

ભારતની એક માત્ર વિશ્વસનીય યુદ્ધ ફિલ્મ ચેતન આનંદની 'હકીકત' છે, જેને અસલમાં રિટ્રીટ ફિલ્મ કહેવી જોઈએ, કારણ કે સૈન્ય સરહદેથી પરત ફરી રહ્યું છે. આ ફિલ્મ પંજાબ સરકારના પૈસાથી બની હતી. ચેતન આનંદે 'હિન્દુસ્તાન કી કસમ' પણ બનાવી હતી. જે.પી. દત્તાની 'બોર્ડર' એક યુદ્ધ ફિલ્મ છે. તેની સફળતાથી પ્રેરાઈને તેમણે ત્રણ ડઝન સ્ટાર્સ સાથે 'એલઓસી' બનાવી, જે નિષ્ફળ રહી, કારણ કે ભવ્યતા રચવાની લાલસામાં નિર્દેશકે ભાવનાના ઊંડાણને નજરઅંદાજ કરી દીધું.

બિમલ રોયે ચંદ્રધર શર્માની મહાન કથા 'ઉસને કહા થા' પર આધારિત ફિલ્મ બનાવી હતી, પરંતુ વૈષ્ણવ કવિ સ્વભાવના બિમલ રોય માટે યુદ્ધમાં રમવું અઘરું હતું. તેઓ 'બંદિની' અથવા 'સુજાતા'ની પીડા રચી શકતા હતા અને આ ફિલ્મો તો નારી હૃદયની અંદર શૂટ કરેલી હોય તેવું લાગે છે. કેતન મહેતાએ 1857ના સંગ્રામ પર આધારિત આમિર ખાન અભિનીત 'મંગલ પાંડે' બનાવી હતી. શ્યામ બેનેગલે નિર્માતા શશિ કપૂર માટે રસ્કિન બોન્ડની નવલકથા 'પિજન્સ આર ફ્લાઈંગ' પર રોમાંચક ફિલ્મ બનાવી હતી. ફિલ્મના નિર્માણ પહેલા શશિ કપૂર અને શબાના આઝમીની પ્રેમકથા ચર્ચાઓમાં હતી અને ફિલ્મમાં શશિ કપૂરની પત્ની જેનિફર કેન્ડલ કપૂરે પણ મહત્ત્વપૂર્ણ કામ કર્યું. બંને મહિલાઓ એટલી નિષ્ણાત કલાકાર હતી કે, તેમણે વ્યક્તિગત દ્વંદ્વની કોઈ અસર ફિલ્મ પર ન પડવા દીધી.

# હિલેરી ટ્રમ્પને હેબતાવીને ચર્ચામાં હરાવવા માગે છે

© The New York Times
દિવ્ય ભાસ્કર સાથેના વિશેષ કરાર હેઠળ

ન્યૂયોર્ક સ્થિત હોફ્સ્ટા યુનિવર્સિટીમાં આ સોમવારે હિલેરી ક્લિન્ટન અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે પહેલી જાહેર ચર્ચા થશે. આ ચર્ચા 1980માં જિમી કાર્ટર અને રોનાલ્ડ રેગન વચ્ચેની ચર્ચા પછી સૌથી વધુ જોવાનારી ચર્ચા હશે. હિલેરી માને છે કે હવે ટ્રમ્પનું અસત્ય સાબિત કરવાથી કંઈ નહીં વળે, પણ એ સાબિત કરવું પડશે કે માનસિકસ્તરે એ સર્વોચ્ચ પદને લાયક નથી. પેટ્રિક હેલી, એમી ચોજિક અને મેગી હેબરમેન જણાવે છે, બંનેએ ચર્ચા માટે કેવી તૈયારીઓ અને શું રણનીતિ ઘડી છે.

**હિલેરી ક્લિન્ટન,** ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર

**તૈયારી:** તેઓ માનસિક રીતે ડોનાલ્ડ ટ્રમ્પનાં અનેક રૂપોનો સામનો કરવા માટે માનસિક રીતે તૈયારી કરી રહી છે. ટ્રમ્પમાં બિગ થીમ પર અડગ રહેનારા અનુશાસિત પ્રતિસ્પર્ધીથી માંડીને બેલગામ હુમલો કરનારા બટકબોલા અને ઝેરી આક્ષેપો કરનારા વિપક્ષી સહિતનાં અનેક રૂપ સામે આવે છે. પ્રેક્ટિસ સેશનમાં તેમણે ટ્રમ્પ પર પૂરા આત્મવિશ્વાસથી પ્રહારનું ઉમદા પ્રદર્શન કર્યું છે.

**રણનીતિ:** સંપૂર્ણ ધ્યાન ખુદને શાંત અને સંયમિત દર્શાવવા પર છે. જે ક્ષણે ટ્રમ્પને ગુડ નાઈટ કહીને ચર્ચાનો અંત લાવશે, તેઓ પોતાને એવી નેતા દર્શાવવા માગે છે, જે સરળતાથી વિચલિત થયા વિના શાંત રહે. જો ટ્રમ્પ પુતિનના વખાણ કરશે, તો તે રિપબ્લિકન હીરો માનવામાં આવતા, પૂર્વ રાષ્ટ્રપતિ રોનાલ્ડ રેગનનું ઉદાહરણ આપીને પૂછશે કે રેગને આવા રિપબ્લિકન હરિફ વિશે શું કહ્યું હોત? ટ્રમ્પ વિદેશ ખાતામાં અંગત મેલ સર્વરના ઉપયોગનો મુદ્દો ઉઠાવશે, તો તે ટૅક્સ રિટર્ન જાહેર ન કરવાના મુદ્દે હુમલો કરશે.

**તાકાત:** જાણકારીને ઝડપથી સમજીને આત્મસાત કરી લે છે. તેમનાંમાં લાબાં જવાબોને બે મિનિટના જવાબમાં ઢાળી દેવાનું ખૂબ સુંદર હુનર છે. મર્યદિત સમયની ચર્ચામાં આ ખૂબ ઉપયોગી છે. તેમને સમયનો ખ્યાલ છે. બોલતી વખતે તેમને સમયનો અંદાજ હોય છે કે કેટોલ સમય ગયો અને કેટલો સમય રહ્યો. આ તૈયારીને તેમણે રિલીફ વોલ્વની જેમ લીધી. કુંઠા દૂર કરી, મજાક કરી અને એવા વ્યંગ્ય કર્યા, જે સામાન્ય રીતે તેઓ જાહેરમાં નથી કરે.

**ખામીઓ:** દબાણમાં સખ્ત, ચીડિયો સ્વભાવ ધારણ કરી શકે છે. અવારનવાર જવાબમાં જરૂરિયાત કરતાં વધારે તથ્યો પર ભાર આપે છે. પ્રમાણિકતા અને સત્યનિષ્ઠાને સામે પડકાર ફેંકાતા જ રક્ષાત્મક બની જાય છે.

**ડિબેટ ટીમ:** પૂર્વ રાષ્ટ્રપતિ અને પતિ બિલ ક્લિન્ટન, પ્રેસિડેન્શિયલ ડિબેટ કોચ રોન ક્લેન, વોશિંગ્ટન લોયર મિસ ડોન, જોએલ બેનેનસન, રોબર્ટ બારનેટ, જોન ડી. પોડેસ્ટા અને કોમ્યુનિકેશન ડાયરેક્ટર જેનિફર પોમેરી.

**ડોનાલ્ડ ટ્રમ્પ,** રિપબ્લિકન ઉમેદવાર

**તૈયારી:** ટ્રમ્પને વારેવારે જવાબ દોહરાવવું નથી ગમતું, પરંતુ તેમના સલાહકાર તેમને વિચલિત કરીને તેમની પ્રતિક્રિયા જોઈ રહ્યા હતા. ખાસ કરીને જ્યારે હિલેરી કહે કે, 'તમે ખોટું બોલો છો, ડોનાલ્ડ.' ટ્રમ્પનું માનવું છે કે નીતિગત બારીકાઈના આધારે ચર્ચા જીતી કે હારી ન શકાય. સલાહકારો પણ એવું જ ઈચ્છે છે કે ટ્રમ્પ નોકરીઓ, આતંકવાદ, સુરક્ષા, અમેરિકાને ફરીથી ગ્રેટ બનાવવું અને સરહદોને બંધ કરવા જેવી થીમ પર ચર્ચા કરે.

**રણનીતિ:** ચર્ચામાં તેમની પ્રવૃત્તિ વિરોધી પર હુમલો કરવાની અને તેનું અપમાન કરવાની રહે છે. સર્કસ જેવી પ્રાથમિક ચર્ચામાં તેઓ સફળ રહ્યા, પણ 90 મિનિટની સામસામી ચર્ચામાં આ તેમને ચીડવી શકે છે. સલાહકાર તેમને હિલેરીના બોલેલા દરેક શબ્દને ધ્યાનથી સાંભળવા અને તેના પર ફોકસ રાખવાની સલાહ આપી રહ્યા છે, જેથી વળતા હુમલાની નીતિ તાત્કાલિક નક્કી કરી શકાય રક્ષાત્મક બનવાના બદલે વિસ્તારથી પોતાની વાત મૂકો. પ્રશ્નનો સીધો જવાબ આપવાની ચિંતા કરવાના બદલે શાંતિથી એવો જવાબ આપો, જેવો આપવો હોય.

**તાકાત:** રાજકારણ હોય કે બિઝનેસ તેમને વિપક્ષી પર તેમની ભાષા, મુદ્રા, આંખોનો કોન્ટેક્ટ અને તેના લક્ષયના અધારે હુમલો કરવામાં મજા આવે છે. તેઓ ખુદ પર કાબૂ રાખશે. વિરોધીને વિચલિત કરીને તેનું સંતુલન બગાડી શકે. તેમણે હિલેરીની જૂની ડિબેટ ટેપનો સાવધાનીપૂર્વક અભ્યાસ કર્યો છે. આ સાથે જ શરૂઆતનાં પોતાનાં સૌથી ખરાબ પ્રદર્શનોનો પણ અભ્યાસ કર્યો છે.

**ખામીઓ:** તેઓ વિપક્ષી ચર્ચાના સૂત્રધાર જ નહીં, વ્યાપક મતદાતા સમૂહને પણ નીચા દર્શાવતી અને અપમાનજનક વાતો કહી દે છે. અમુક મુદ્દે ખોટું બોલવું, ખોટી માહિતી આપવી કે અફવા ફેલાવા જેવી પ્રવૃત્તિ પણ કરે છે.

**ડિબેટ ટીમ:** કેમ્પેઈનનાં ચીફ એક્ઝિક્યુટિવ સ્ટીફન બેનોન, ન્યૂયોર્કના પૂર્વ મેયર રુડોલ્ફ જુલિયાની, ન્યૂજર્સીના ગવર્નર ક્રિસ ક્રિસ્ટી, જેસન મિલર, સેવાનિવૃત્ત અધિકારી લે. જનરલ માઈકલ ફ્લિન, જમાઈ જેયર્ડ કુશનર.

મેનેજમેન્ટ ફંડા

# મોટી વાર્તામાં છૂપાયેલી નાની વાર્તા જિંદગીના પાઠ શીખવે છે



એન. રઘુરામન
raghu@dbcorp.in

એક જમાનામાં હાઈસ્કૂલમાં અંતરંગ મિત્રો રહેલાં હેમા અને પ્રીતમે 35 વર્ષ બાદ દિલ્હીના લોધી ગાર્ડનમાં મળવાનું નક્કી કર્યું, જેથી તેમના અલગાવ અને તે પરિસ્થિતિના તથ્યની તપાસ કરી શકાય, જેના લીધે તેઓ કોઈ અન્ય સાથે લગ્ન કરવા માટે મજબૂર થઈ ગયાં. વર્ષો પહેલાં બંને અલગ-અલગ રસ્તે કેમ ચાલી નીકળ્યાં, તેનું કારણ જાણવાના પોતાના પ્રયત્નોના ભાગરૂપે તેઓ મળ્યાં અને એકબીજાનાં જીવન અંગે ઘણી બધી બાબતો જાણી. આ રીતે તેમણે સુખ, ઉદાસી અને દુ:ખની પળોને પરસ્પર વહેંચી. આ કોઈ એકતરફી પ્રેમકહાણી નથી. વાર્તાનાં બંને પાત્રોના સંબંધોનાં ઘણાં આવરણો છે. ક્યારેક તેઓ પ્રેમી, ક્યારેક દોસ્ત અને ક્યારેક સાથી રહ્યાં.

બગીચામાં સવારે 6.30 વાગ્યે સતત બે મુલાકાતોમાં તેમણે પરસ્પરની બધી ગેરસમજણો દૂર કરી લીધી. જ્યારે બગીચામાં હાજર બધા લોકો જોગિંગ કરી રહ્યા હતા અને લાફ્ટર ક્લબની પ્રવૃત્તિઓમાં હસી રહ્યા હતા, તો આ બંનેએ માત્ર 90 મિનિટમાં ઝડપથી 35 વર્ષની જિંદગી જીવી લીધી. તેમણે વિશ્લેષણથી એ સમજવાનો પ્રયત્ન કર્યો કે, તેમના અલગાવમાં કોણે ખલનાયકની ભૂમિકા ભજવી હતી.

નાટક 'મેરા વો મતલબ નહીં થા'માં બે નિષ્ણાત કલાકારો અનુપમ ખેર અને નીના ગુપ્તા પ્રીતમ તથા હેમાની ભૂમિકા ભજવી રહ્યાં હતાં. નાટકમાં પ્રીતમના વડીલ પાડોશી અને મિત્રની ભૂમિકાઓ પણ હતી, જેને નાટકના લેખક-નિર્દેશક રાકેશ બેદીએ ભજવી હતી. નાટકમાં પ્રીતમ હેમાને જણાવે છે કે, કેવી રીતે પરસ્પરની ખોટી ધારણાઓએ તેમના સંબંધને બરબાદ કરી નાખ્યો હતો. વાર્તા એવી છે: એક આધેડ ઉંમરનો પિતા પોતાનાં ચાર બાળકો સાથે ટ્રેનમાં ચઢે છે. પિતા તો આંખો મીંચીને બેઠા છે, પરંતુ ચાર બાળકો ઉત્પાત મચાવે છે અને મુસાફરો માટે હેરાનગતિનું કારણ બની જાય છે. એક મુસાફર ચીડાઈને તેમને જગાડે છે અને બેજવાબદાર પિતા હોવાનું કહીને તેમનો ઉધડો લઈ નાખે છે. પિતા હાથ જોડી લે છે અને આંસુ ભરેલી આંખોએ કહે છે કે, 'શ્રીમાન, મને માફ કરી દો. થોડા સમય પહેલાં સમાચાર મળ્યા છે કે આ બાળકોની માતા, મારી પત્ની એક માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામી છે. હું તેમને હોસ્પિટલ લઈ જઈ રહ્યો છું અને તેઓ ઘટનાથી વાકેફ નથી. મહેરબાની કરી તેમને થોડા સમય માટે ખુશ રહેવા દો, કારણ કે આ બધું સાંભળ્યા બાદ તેઓ ખુશ રહી શકશે નહીં.' સ્તબ્ધ યાત્રી ભીની આંખે તેમને જોવા લાગે છે.

તે તબક્કે જ્યારે બંને પોતાની જિંદગીમાં થયેલી ભૂલો પર ચર્ચા કરતાં હતાં, ત્યારે રાકેશ બેદી ફરી આવીને મશ્કરી કરે છે અને પૂછે છે કે, 'સમય શું થયો છે?' તેમના દ્વારા સતત હેરાન કરાવાને કારણે હેમા તેના પર ગુસ્સે થઈ જાય છે, ત્યારે રાકેશ બેદી પોતાની રમૂજી છબિમાંથી બહાર આવીને જણાવે છે કે, તેની પત્ની લકવાની દર્દી છે અને તે ભાગ્યે જ કોઈક વાર ઊંઘી શકે છે. તેની પત્નીને સતત તેની હાજરીની જરૂર હોય છે. તે સવારે 4 વાગ્યે ઊંઘે છે અને 8 વાગ્યા સુધી ઊઠતી નથી. આ ચાર કલાક તે પોતાના માટે જીવે છે. તે જોગિંગ કરે છે, પછી લાફ્ટર ક્લબમાં સામેલ થઈને પોતાની શારિરીક અને માનસિક તંદુરસ્તી જાળવે છે. અને છેલ્લે ભીની આંખે કહે છે કે, 'છેવટે મારે તો મારી પત્ની માટે ચુસ્ત-તંદુરસ્ત રહેવું જ પડશે.' મારા માટે તો આ જ વાર્તા અને શિખામણ છે.

શનિવારે જોયેલા આ નાટક પછી રવિવારે સવારની લટાર દરમિયાન હું લાફ્ટર ક્લબના દરેક સભ્યને જોઈને હસ્યો, અભિવાદનમાં હાથ હલાવ્યો. શનિવારની સાંજ પછી તેમને જોવાનો મારો અભિગમ બદલાઈ ગયો. હું નથી જાણતો કે, એ અદ્દભુત માણસો કોણ હતા, જેઓ પોતાના બીમાર જીવનસાથીની સેવા કરવા માટે પોતાને શારિરીક અને માનસિક રીતે ફિટ રાખતા હતા.

**ફંડા એ છે કે** »» મોટી વાર્તા પાછળ હંમેશાં આવી નાની વાર્તા હોય છે, જેમાં જીવનના પાઠ હોય છે. કોઈના પર હસતાં પહેલાં જીવનનાં આવરણો ઉતારી વાસ્તવિકતા જાણવી જોઈએ.

પ્રકાશક અને મુદ્રક શરદ માથુર દ્વારા માલિક મેસર્સ ડી.બી. કૉર્પ. લિમિટેડ માટે ભાસ્કર પ્રિન્ટિંગ પ્રેસ, સર્વે નં. 148-P, નાગદેવતા મંદિર પાસે, ચાંગોદર-બાવળા હાઈવે, તાલુકા-સાણંદ, અમદાવાદ (ગુજરાત)ની સાથે પ્લોટ નં. 435/1,2,3, મહેસાણા-પાલનપુર હાઈવે, ભાન્ડુ, મહેસાણાથી પણ મુદ્રિત અને પ્લોટ નં.280, મકરબા, સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ (ગુજરાત)થી પ્રકાશિત. તંત્રી (ગુજરાત) : નવનીત ગુર્જર, નિવાસી તંત્રી : રાજ ગોસ્વામી* સમાચાર પસંદગી માટે પી.આર.બી. એક્ટ હેઠળ જવાબદાર. ફોન નં. (079)39888850, ફેક્સ નં.(079)39814001, 02, 03, RNI NO. GUJGUJ/2003/9968.